| | |
|---|---|
| રજુ તારીખ | ૪/૫/૨૨ |
| દાખલ તારીખ | ૪/૫/૨૨ |
| ફેસલ તારીખ | ૧૪/૦૯/૨૨ |
| સમયગાળો | |

**અમદાવાદના મહેરબાન એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નં.૬, અમદાવાદ. અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન, દાણાપીઠ, અમદાવાદ.**
**ક્રિમીનલ પરચુરણ અરજી નંબર. ૨૪૬૨/૨૨**
**આંક**

અરજદાર:– કામીનીબેન રામાશંકર તિવારી, ઉવ.પુખ્ત.
રહેવાસી:સી–૧૩૬, બેલા પાર્ક, અંબિકાનગર, ઓઢવ,
અમદાવાદ.

**વિરુધ્ધ**

સામાવાળા:– ૧. રજીસ્ટ્રારશ્રી, જન્મ મરણ વિભાગ,
અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન, અમદાવાદ.

**વિષય:– જન્મ મરણ અધિનીયમની કલમ:૧૩(૩) મુજબ જન્મ નોંધણીનો હુકમ મેળવવા બાબત.**

અરજદાર તરફે વિ.વકીલશ્રી ચેતન જે. શ્રીમાળી.

સામાવાળા તરફે વિ.વકીલશ્રી કોઈ નથી.

૧. અરજદારે હાલની અરજી જન્મ – મરણ નોંધણી અધિનીયમની કલમ: ૧૩(૩) હેઠળ પુત્રી નામે નિશા રામાશંકર તિવારી ના જન્મ ની નોંધ કરાવવા માટે દાખલ કરેલ છે. અરજદારે અરજીમા એવી હકીકતો જણાવેલ છે કે, તેમની પુત્રી નામે નિશા રામાશંકર તિવારી નો જન્મ તારીખ :–૨૭/૬/૨૦૦૨ ના રોજ સી–૧૩૬, બેલા પાર્ક, અંબિકાનગર, ઓઢવ, અમદાવાદ મુકામે થયેલ હતો અને જે તે વખતે તેઓની શરતચુકના કારણે તેમની પુત્રી ના જન્મ અંગેની નોંધ જન્મ –મરણ નોંધણી અન્વયે સામાવાળાના રેકર્ડમા કરાવવાની રહી ગયેલ છે, અને હાલ તેમની પુત્રી ના જન્મ ના દાખલાની જરુરીયાત સરકારી કામ સારુ જરુરત ઉપસ્થીત થતા હાલની અરજી તેમની પુત્રી ના જન્મની નોંધ કરાવવા માટે આપેલી છે. અરજદારે અરજીમા તેમની પુત્રી ના જન્મની વિગતો નીચે મુજબ આપેલ છે.

| | | |
|---|---|---|
| બાળકનુ નામ | :– | નિશા રામાશંકર તિવારી |
| જન્મ તારીખ | :– | ૨૭–૬–૨૦૦૨ |
| જન્મ સ્થળ | :– | સી–૧૩૬, બેલા પાર્ક, અંબિકાનગર, ઓઢવ,અમદાવાદ. |
| પિતાનુ નામ | :– | રામાશંકર રઘુનાથ તિવારી |
| માતાનું નામ | :– | કામીનીબેન |

૨. અરજીમા ઉપરોકત મુજબની વિગતો હોઈ અને જે તે વખતે અરજદાર તરફથી તેમની પુત્રીના જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, તેથી સામાવાળા અરજદારની પુત્રીના જન્મની નોંધ કરી જન્મનો દાખલો કાઢી આપે તેવી દાદ અરજદારે માંગેલ છે.

૩. આ અરજી દાખલ થતા અરજી રજીસ્ટરે નોંધવામા આવેલ છે, અને અરજી અરજદારના પુરાવા માટે રાખવામાં આવેલ છે. અરજદારે પોતાની અરજીના સમર્થનમા નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

## અરજદાર તરફે રજુ થયેલ પુરાવાઓ

### -: મૌખીક પુરાવો :-

| અ. નં | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદારની સરતપાસની એફીડેવીટ | ૯ |
| ૨ | સાહેદ તિવારી રમાશંકર રઘુનાથ ની સરતપાસની એફીડેવીટ | ૧૦ |
| ૩ | સાહેદ તિવારી મુન્ના રાજનાથ ની સરતપાસની એફીડેવીટ | ૧૧ |
| ૪ | સાહેદ તિવારી રમાકાંત જયનાથ ની સરતપાસની એફીડેવીટ | ૧૨ |

### -: દસ્તાવેજી પુરાવો :-

| અ.નં | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અમદાવાદ મ્યુ. કોર્પો. ના જન્મ-મરણ નોંધણી વિભાગનુ નો રેકર્ડ સર્ટીફીકેટ | ૪ |
| ૨. | સ્કુલ લીવીંગ સર્ટીફીકેટની ખરી નકલ | ૫ |
| ૩ | નિર્મળ ગુજરાત સમાચાર પત્રમા પ્રસીધ્ધ થયેલ જાહેર નોટીસ | ૭ |
| ૪ | શાળાના જી.આર. નો ઉતારાની નકલ. | ૮ |

અરજદારે પુરાવા બંધની પુરસીસ રજુ કરેલ છે.

૪. આ અરજી ઈન્કવાયરી સ્વરુપની હોય જેથી અરજદારે જે સરતપાસનુ સોગંદનામુ આપેલ છે, તે પણ સી.આર. પી.સી. ની કલમ: ૨૯૬ હેઠળ ગ્રાહય હોય જેથી તેને ધ્યાને લેવામા આવે છે.

૫. આ કામે અરજદારના રજુ થયેલ પુરાવા જોતા આંક– ૪ થી રજુ થયેલ અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન ના જન્મ – મરણ નોંધણી વિભાગના નો રેકર્ડ સર્ટીફીકેટ મુજબ અરજદારની પુત્રીના જન્મની નોંધણી સામાવાળાના રેકર્ડમા થયેલ નથી તેવુ ફલિત થાય છે અને આ કામે આંક–૫ સ્કુલ લીવીંગ સર્ટી. અને આંક–૮ થી શાળાનો જી.આર. રજુ થયેલ છે, જે શાળાના દસ્તાવેજી પુરાવાથી અરજદારની પુત્રીના જન્મની જન્મ તારીખ :૨૭–૬–૨૦૦૨ ના રોજ થયેલ છે, અને તેની નોંધણી આ દસ્તાવેજોમા થયેલાનુ ફલિત થાય છે. આ કામે આંક–૭ થી જાહેર નોટીસ રજુ થયેલ છે અને તે નોટીસના કામે કોઈ વાંધા કે તકરાર રજુ થયેલા નથી અને કાયદા મુજબ જન્મની નોંધણી સામાવાળાના સરકારી રેકર્ડમા કરાવવી જરુરી છે અને આ કામે અરજદાર તથા અરજદારના સાહેદોના આંક– ૯ થી ૧૨ મુજબના સોગંદ ઉપરના પુરાવાની હકીકતે અરજદારના પુત્રી નિશા રામાશંકર તિવારીનો જન્મ તારીખ :–૨૭–૬–૨૦૦૨ ના રોજ થયેલ હોવાનુ જણાઈ આવે છે તે સંજોગોમા અરજી મંજુર થવાને પાત્ર જણાતી હોય, ન્યાયના હિતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**:: હુ ક મ ::**

અરજદારની હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

આ કામના સામાવાળાને એવો આદેશ કરવામાં આવે છે કે, અરજદારની પુત્રીના જન્મની નીચે મુજબની વિગતો હોય તે મુજબની વિગતો નોંધી જરુરી લેઈટ ફી વસુલ લઈ અરજદારની પુત્રીના જન્મની નોંધ કરી જન્મનો દાખલો કાઢી આપવો.

| | | |
|---|---|---|
| બાળકનુ નામ | :- | નિશા રામાશંકર તિવારી |
| જન્મ તારીખ | :- | ૨૭-૬-૨૦૦૨ |
| જન્મ સ્થળ | :- | સી-૧૩૬, બેલા પાર્ક, અંબિકાનગર, ઓઢવ,અમદાવાદ. |
| પિતાનુ નામ | :- | રામાશંકર રઘુનાથ તિવારી |
| માતાનું નામ | :- | કામીનીબેન |

આ હુકમની યાદી સામાવાળાને કરવી.

આજરોજ હુકમ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૪/૦૯ /૨૦૨૨
અમદાવાદ.

(એસ. પી. પટેલ)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
ઈ.ચા. કોર્ટ નં.૬, અમદાવાદ.
CODE NO GJ01123